# અરવલ્લી જિલ્લા પંચાયતની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ : ૩જી જાન્યુઆરીએ ચૂંટણી યોજાશે

## સાબરકાંઠામાં જીલ્લા પંચાયતમાં ભાજપના ૧૬, કોંગ્રેસના ૯

ઉમેદવારો પાસેથી તા.૨/૧/૨૦૧૫ ના રોજ ઉમેદવારી ફોર્મ મંગાવવામાં આવશે. જેની ચકાસણી પૂર્ણ થયા બાદ તા.૩/૧/૨૦૧૫ ના રોજ ચૂંટણી યોજાશે.

## સાબરકાંઠામાં જી.પં.ના મહિલા -મુખ માટે કોના નામ ચર્ચામાં

- શિક્ષણ સમિતિના ચેરમેન શાન્તાબેન પટેલ - અબડાસણ બેઠકના સદસ્ય જયોત્સનાબેન પટેલ
- આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન સુધાબા મકવાણા.

## અરવલ્લી જિલ્લા પંચાયતમાં કુલ ૨૨ સદસ્યો

- ભાજપના ૧૨ સદસ્યો જયારે કોંગ્રેસ પક્ષ ૧૦ સદસ્યો
- જેમાં ૯ મહિલા સદસ્યો
- ભાજપાના ૧૨ સભ્યોમાં ૭ મહીલા સદસ્યો અને કોંગ્રેસના ૧૦ સદસ્યોમાં બે મહિલા સદસ્યો

(સમીર બલોચ દ્વારા) મોડાસા, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના વિભાજન થયા બાદ બુધવારે મળેલી -થમ સામાન્ય સભામાં ભાજપના ૧૬ અને કોંગ્રેસના ૯ સભ્યો મળી કુલ ૨૫ સભ્યો હાજર રહ્યા હતા અને સામાન્ય સભાની કામગીરીમાં ભાગ લીધો હતો. જોકે વિકાસ કર્મિંર દ્વારા આગામી તા.૩ જાન્યુઆરીએ નવા મહિલા -મુખની વરણી કરવા માટેનું જાહેરનામુ -સિધ્ધ કર્યુ છે.

ત્યારે સાબરકાંઠા જિલ્લા પંચાયતના નવા -મુખ તરીકે કોની પસંદગી થશે તેની ચર્ચાઓ શરૂ થઈ છે. જયારે સાબરકાંઠા જીલ્લા પંચાયતમાંથી વિભાજીત કરાયેલ અરવલ્લી જીલ્લા પંચાયતના -મુખ,ઉપ-મુખ પદ માટેની ચૂંટણી ૩ જાન્યુ.ના રોજ યોજાશે. રાજય વિકાસ કર્મિંર દ્વારા જાહેર કરાયેલ જાહેરનામા મુજબ નવરચિત જીલ્લા પંચાયતના -થમ -મુખ પદે મહિલા સદસ્યની વરણી કરવામાં આવશે. સામાન્ય સભા કલેકટર બી.જે.ભટ્ટના અધ્યક્ષ સ્થાને ૩ જાન્યુ.એ યોજાશે. આ બેઠકમાં જ જીલ્લા પંચાયતના -મુખ અને ઉપ-મુખની ચૂંટણી યોજવામાં આવશે.

નવરચિત અરવલ્લી જિલ્લા પંચાયત માટેનું જાહેરનામુ -સિધ્ધ થતાં જ સાબરકાંઠા જિલ્લા પંચાયતના મહિલા -મુખ તરીકે કોની નિયુકિત કરવામાં આવશે તેની કવાયત શરૂ થઈ ગઈ છે. હાલ ધનસુરાની બેઠક પરથી ચૂંટાયેલા અરવલ્લી જિલ્લા પંચાયતના મહિલા -મુખ હેમલત્તાબેન પટેલ કામગીરી સંભાળવાના છે ત્યારે સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં હવે મહિલા -મુખ તરીકે કોની કોની પર પસંદગીનો કળશ ઢોળાશે તે અંગે ચર્ચા શરૂ થઈ છે. દરમિયાન સાબરકાંઠા જિલ્લા પંચાયતની બુધવારે મળેલી -થમ સામાન્ય સભામાં પંચાયતધારાની કલમ-૮૯/૨ મુજબ ઉપ-મુખ જશુભાઈ ખરાડીએ સામાન્ય સભાની કામગીરી સંભાળી હતી. જેમાં ગત સામાન્ય સભાનું -ોસીડીંગ વંચાણે લીધા બાદ સ્વચ્છતા મહાઅભિયાનમાં જિલ્લાવાસીઓએ આપેલ સહયોગની નોંધ લેવાઈ હતી.

## અરવલ્લી જીલ્લા પંચાયતના મહિલા સદસ્યો

ભાજપાના મહિલા સદસ્યો
૧. ભીખીબેન પરમાર- માલપુર
૨.ચંપાબેન પરમાર-કઉ
૩.મધુબા સોલંકી-બાયડ
૪.કપિલાબેન સોલંકી - આકરૂન્દ
૫. હેમલત્તાબેન પટેલ - ધનસુરા
૬.નેહાબેન પટેલ-રડોદરા
૭. વિષ્ણુકુંવરબા- ભિલોડા.

કોંગ્રેસ પક્ષના મહિલા સદસ્યોં
૧. મંજુલાબેન પાંડોર-ભિલોડા
૨.છાયાબેન પટેલ-ગાબઠ

## આજે નિરીક્ષકો આવશે

સાબરકાંઠા જિલ્લા પંચાયતના મહિલા -મુખ સહિત વિવિધ સમિતિઓના ચેરમેનની વરણી સંદર્ભે -દેશ નિરીક્ષક તરીકે ભાવનાબેન દવે, કે.સી.પટેલ અને કાનાજી ઠાકોર તા.૨૬ ડિસેમ્બરે સવારે ૧૦ કલાકે હિંમતનગર આવશે. જિલ્લા ભાજપ -મુખ પી.સી.પટેલે જણાવ્યુ હતું કે સિનીયર કાર્યકર્તાઓ, જિલ્લાના હોદ્દેદારો તથા ચૂંટાયેલા સદસ્યોની રજુઆતો સાંભળ્યા બાદ સર્વસંમતિથી નવા -મુખની પસંદગી કરાશે.

સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લાનું વિભાજન થયુ ન હતું ત્યારે જિલ્લા પંચાયતના ૧૩ તાલુકાના મળી ૪૭ સદસ્યો જિલ્લા પંચાયતની વિવિધ બેઠકો પરથી ચૂંટાયા હતા.

# આંબા ગામની ૬ વર્ષની બાળાના મોત મામલે હત્યાનો ગુનો નોંધાયો : ૧૫૦ની પૂછપરછ

મોડાસા, તા. ૨૫

બાયડ તાલુકાના આંબા ગામમાં એક સપ્તાહથી ગુમ થયેલી ૬ વર્ષની બાળકીની મંગળવારે લાશ મળી


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

હતી. ફોરેન્સીક લેબના પ્રાથમીક તપાસમાં વિદ્યાર્થિનીને ગુંગળાવી મારી નંખાઈ હોવાનું બહાર આવ્યું છે. પોલીસ પણ આ મામલે હત્યાની કલમનો ઉમેરો કરી ગુનો નોંધ્યો છે અને ૧૫૦ શકમંદોની પૂછપરછ કરી છે. બાયડ સામૂહિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડૉ. અમુલભાઈ વર્માએ જણાવ્યું હતું કે, મૃતક છાત્રાના ગુપ્તાંગના ભાગે ઈજાઓ થયેલી પણ હતી.

આંબા ગામની સુરેશભાઈ જેણાભાઈ ઝાલાની ૬ વર્ષીય પુત્રી તમન્ના ૧૬ ડીસેમ્બરે ગામની પ્રાથમિક શાળામાંથી છૂટી ત્યારે કોઈ અજાણ્યો શખ્સ તેને ઉઠાવી લઈ ગયો હતો. જેમાં ૭ દિવસ બાદ ગામના તળાવમાંથી તમન્નાની લાશ મળી આવતા સમગ્ર જિલ્લામાં હલચલ મચી ગઈ હતી.

મૃતદેહ કોહવાયેલી હાલતમાં હોઈ તેને પી.એમ. માટે ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવી હતી. જેમાં બાયડ સી.પી. આઈ. એચ. જે. બેન્કરના જણાવ્યા મુજબ ફોરેન્સીક લેબની પ્રાથમિક તપાસમાં તમન્નાનું ગુંગળાવવાથી મોત થયું હતું. જેમાં પોલીસ હત્યાની કલમ ૩૦૨નો ઉમેરો કરશે. તમન્નાની હત્યા કોણે કરી અને કેમ કરી તે પ્રશ્ન તાલુકા ભરમાં ઉઠવા પામ્યો છે ત્યારે બુધવારના રોજ એલ.સી.બી. પી.આઈ. તથા બાયડ પોલીસની ટીમે તપાસો શરૂ કરી દીધી છે. પોલીસે અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ લોકોની પુછપરછો કરી છે ત્યારે પોલીસે બોલાવેલ ડોગ સ્કોડના ડોગ ઘટના સ્થળની આસપાસ જ ફરતા પોલીસને તપાસ કરવામાં ભારે તકલીફો ઉભી થઈ છે.

આ મામલે એલ.સી.બી. પી.આઈ. પ્રકાશભાઈ પટેલે જણાવ્યું કે આ પ્રકરણમાં ટૂંક જ સમયમાં દૂધનું દૂધને પાણીનું પાણી થઈ જશે. હત્યારાને કોઈપણ હિસાબે પકડવામાં આવશે. હાલમાં આંબાગામ ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે ત્યારે ઝડપથી હત્યારાને પોલીસ પકડી સજા કરાવે તેવી માંગણી જિલ્લાભરમાંથી ઉઠવા પામી છે.

# માત્ર ૪૭ સભ્યો નોંધવા ભારતીય જનતા યુવા મોરચાની ટીમ દ્વારા ૧૪ કિ.મી.ની પદયાત્રા

પાલનપુર, તા. ૨૫

ભારતીય જનતા પાર્ટીની ઓનલાઈન સદસ્યતા નોધણી કાર્યક્રમ સંદર્ભે તા ૨૪/૧૨/૨૦૧૪ ના રોજ ભારતીય જનતા યુવા મોરચાની અમીરગઢ તાલુકાની ટીમ,૧૪ કિલોમીટરની દુર્ગમ પહાડી વિસ્તાર માં પદયાત્રા કરી અમીરગઢ તાલુકાના વિરગામ નજીક આવેલ ખાટી ચિતરા ગામે પહોચેલ.આ ગામમાં વાહન માર્ગે જવાનો કોઈ રસ્તો નથી,તદઉપરાંત આ વિસ્તાર સમગ્ર પહાડી વિસ્તાર છે. આ ગામમાં જવા માટે અનેક ડુંગરાઓ અને નદી ઝરણા પાર કરી ને જવું પડે છે. ગામમાં રહેતા લોકો છુટા છવાયા અલગ અલગ પહાડો પર




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વસવાટ કરે છે. ભારતીય જનતા યુવા મોરચાની ટીમ આ લોકો સુધી પહોચી અને આદિવાસી કુટુંબોને સરકારની યોજનાઓ થી અવગત કરાવી બપોરે -ેમથી તેમનું સાદું ભોજન તેમની સાથેજ જમી અને ઓનલાઈન સદસ્યતા નોધણી અંતર્ગત તેમના મોબાઈલ થી મિસકોલ કરાવી પાર્ટી માં જોડ્યા હતા. આ ૧૪ કિમી ની યાત્રા કરી ૪૭ સભ્યો જડ્યા હતા પણ તેનો ઉદ્દેશ એ હતો કે ભારતીય જનતાપાર્ટી ની સભ્યનોધણી ની -ક્રિયા માં શહેર કે ગામડા ના લોકો જોડાય એટલુજ નહી પરંતુ આ રીતે દુર્ગમ વિસ્તાર માં રહેતા લોકો ને પણ પાર્ટીમાં જોડાવાથી બાકાત ન રહી જાય એ આ યાત્રા નો ઉદ્દેશ હતો.

આજ રોજ આ કાર્યક્રમ માં સંગઠન પર્વ જીલ્લાના સહ ઈન્ચાર્જ મધુભાઈ રાણા, જીલ્લા યુવા-મોરચા ના મહામંત્રી અને અમીરગઢ તાલુકાના -ભારી હરેશ ચૌધર, અમીરગઢ યુવા-મોરચાના ઈન્ચાર્જ રમેશ સોની, જીલ્લા મંત્રી કિરણસિહ, યુવા મોરચાના રામલાલ મીણા, અશોક ગેહલોત, વિકાસ મોદી જોડાયા અને સાથે સમગ્ર ટીમ જોડાઈ હતી.

# રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ ખાતે 'ગ્રાહક જાગૃતિ રેલી' યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૫

૨૪ ડિસેમ્બર ને રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે ગ્રાહક હિત સુરક્ષા બજારમાં ગ્રાહક જાગૃતિ રેલી કાઢવામાં આવેલ હતી. આ રેલીને મામલતદાર કચેરી, પ્રાંતિજના નાયબ મામલતદાર-પુરવઠા, શારદાબેન ગામેતી, જિલ્લા વિદ્યાલયના અલકાબેન પટેલ, દક્ષાબેન પટેલ, ગીતાબેન પટેલ અને એકસપેરીમેન્ટલ હાઈસ્કુલના વિક્રમભાઈ પટેલ, નગીનભાઈ રાઠોડ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મંડળ પ્રાંતિજ દ્વારા તા. ૨૧-૧૨-૧૪ થી તા. ૨-૧-૧૫ દરમિયાન ગ્રાહક જાગૃતિ સપ્તાહ ઉજવવાનું આયોજન કરવામાંઆવ્યુંછે. ઉજવણીના ભાગરૂપે ૨૪ ડીસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી પ્રસંગે પ્રાંતિજ પુરવઠાના સપ્લાય ઈન્સ્પેકટર, યશવંતભાઈ પરમાર અને મનોજભાઈ મિસ્ત્રીએ પ્રસ્થાન કરાવેલ હતું.

આ પ્રસંગે શેઠ પી એન્ડ આર. હાઈસ્કુલના જી.જી. પરમાર, વિનોદભાઈ પ્રજાપતિ, સર્વોદય તેની શાળાના વિદ્યાર્થીઓ સાથે હાજર રહેલ હતા. આ રેલી પ્રાંતિજ બજારમાં ફરીને જાગો ગ્રાહક જાગો, ગ્રાહક બજારનો રાજા છે, ખરીદીનું બીલ માગો, જાગૃત ગ્રાહક સુરક્ષિત ગ્રાહક વગેરે સુત્રો બોલીને બજારને જાગૃત કરેલ હતું.

# પાલનપુરમાં દારૂડીયા પોલીસને ૩ માસની કેદની સજા

પાલનપુર, તા. ૨૫

પાલનપુરમાં જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે ફરજ બજાવતો પોલીસ કર્મી વર્ષ ૨૦૧૪માં દારૂ પીને ફરજ પર આવતા તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જે બાબતે આજ રોજ પાલનપુરની બીજા એડીશનલ સીવીલ જજની કોર્ટમાં ચાલી જતા પોલીસે કર્મીને ૩ માસની સજા ફટકારતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

આજે સમગ્ર સમાજમાં દારૂના દૈત્યે વિકરાળ પંજો પાથર્યો છે અને દારૂના વ્યસનથી સમાજમાં અવળી અસરો ઉદભવી રહી છે ત્યારે તેને નાથવાના ઘણા બધા પ્રયત્નો સરકાર અન સમાજ તરફથી થઈ રહ્યા છે. ત્યારે ખુદ રક્ષક જ કાયદાનું ઉલ્લંઘન કરી ભક્ષક બનતા એક કિસ્સામાં નામદાર કોર્ટે એક પોલીસ કર્મીને ત્રણ માસની સજા ફટકારી છે જેમાં તા. ૧૯-૨-૨૦૧૦ના રોજ જિલ્લા પોલિસવડાની કચેરી ખાતે ચાલુ ફરજ પર પોલીસકર્મી અનિલકુમાર અજારામ પંડયા (અમદાવાદ) દેશી દારૂ પીધેલી હાલતમાં ઝડપાતા તેમના વિરૂદ્ધ પોલિસ ફરિયાદ નોંધાઈ હતી.

# બનાસકાંઠામાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૫

આજે તા.૨૫ ડિસેમ્બરના રોજ ભૂતપૂર્વ વડા-ધાનશ્રી અટલ



બિહારી વાજપાઈજીના જન્મ દિવસને કેન્દ્ર સરકાર ધ્વારા ગુડ ગવર્નન્સ ડે તથા શ્રમયોગી કલ્યાણ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેની ઉજવણી -સંગે બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. પાલનપુર મુકામે ગુરૂનાનક ચોક ખાતે સવારે-૯.૩૦ વાગ્યે કેન્દ્રીય ગૃહ રાજય મંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ સ્વચ્છતા અભિયાનની રેલીને -સ્થાન કરાવી હાથમાં ઝાડુ લઈ સફાઈ કરી હતી. પાલનપુર ખાતે ગુરૂનાનક ચોકથી કિર્તીસ્થંભ સુધીના રોડ ઉપર સામૂહિક સફાઈનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ -સંગે -ાસંગીક -વચન કરતા કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી શ્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે ભૂતપૂર્વ વડા-ધાનશ્રી અટલ બિહારી વાજપાઈ અને શ્રી મદન મોહન માલવીયાના જન્મદિવસે તેમને કેન્દ્ર સરકાર ધ્વારા ભારત રત્નના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે તેમના જન્મ દિવસને સરકાર ધ્વારા ગુડ ગવર્નન્સ ડે તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યુ છે. મંત્રીશ્રીએ કહ્યુ કે અટલજીએ દેશ માટે પોતાનું જીવન સમર્પિત કર્યુ છે અને દેશની ખુબ મોટી સેવા કરી છે.તેઓ સમાન્ય વ્યક્તિમાંથી વડા-ધાનના પદ સુધી પહોંચ્યા હતા. આજે ૯૦ વર્ષની ઉંમરે તેમનું સ્વાસ્થ્ય સારુ રહે તે માટે તેમને શુભેચ્છા પાઠવું છું. તેમણે



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જણાવ્યુ કે શ્રી નરેન્દ્રભાઈ મોદી વડા-ધાન બન્યા પછી સમગ્ર વિશ્વમાં ભારત આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે. તેમણે પોતાના વિભાગની વાત કરતા જણાવ્યુ હતુ કે રાષ્ટ્રની સુરક્ષા અને સલામતિ માટે કેન્દ્ર સરકાર કટીબ્ધ છે. સુરક્ષાની બાબતમાં કોઈપણ કચાશ રખાશે નહીં. મંત્રીશ્રીએ પાલનપુરવાસીઓને નગર સ્વચ્છ અને સુંદર રાખવાની અપીલ કરી હતી. તેમણે કહ્યુ કે દરેક વ્યક્તિ પોતાની દુકાન, ઘર કે મહોલ્લાના સફાઈની જવાબદારી સ્વીકારે અને સંકલ્પબધ્ધ બને કે હું સફાઈ માટે વર્ષમાં ૧૦૦ કલાક જરૂર ફાળવીશ.

આ કાર્યક્રમ અંતર્ગત પાલનપુર મેડીકલ એશોસિએશનના હોલ ખાતે નગરના અગ્રણી નાગરિકો સાથે મંત્રીશ્રીએ ગુડ ગવર્નન્સ અંગે ચર્ચા કરી તેમના સુચનો માંગ્યા હતા. જેમાં નાગરિકોએ કાયદો, સફાઈ, પ્લાસ્ટીક પર -તિબંધ, અંડર ગ્રાઉન્ડ ગટરો જેવા સુચનો કર્યા હતા. ત્યારબાદ મંત્રીશ્રી અને મહાનુભાવોએ પાલનપુર સીવીલ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓને ફ્રુટનું વિતરણ કર્યુ હતુ.

આ -સંગે અગ્રણી ડૉ. સુરેન્દ્ર ગુપ્તાએ જણાવ્યુ હતુ કે ગુડ ગવર્નન્સનો પાયો સ્વચ્છતામાં રહેલો છે. માટે આપણે બધા સ્વચ્છતા માટે સંકલ્પબધ્ધ બનીએ. -ાંત અધિકારીશ્રી જે.બી.દેસાઈએ સ્વાગત -વચન કર્યુ હતુ.

કાર્યક્રમમાં નગર પાલિકા -મુખશ્રી હસમુખભાઈ પઢીયાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.પટેલ, નિવાસ અધિક કલેકટરશ્રી એસ.કે.રાઠોડ, અગ્રણીઓ સર્વશ્રી હરેશભાઈ જાની, શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી ગજેન્દ્રભાઈ સક્સેના, શ્રી રાજુભાઈ ડાભી, શ્રી ડૉ.કે.એસ.મોગરા,શ્રી ગિરીશભાઈ જગાણીયા સહિત આગેવાનો, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છીક સંસ્થાઓના -તિનિધિઓ અને વિધાર્થીઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD | Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦